માનવતાની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે, વેર-ઝેરના પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૬૮૭ |
| અમદાવાદ | ૨૦૪ |
| ગાંધીનગર | ૨૨ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૧૫ ૪ જુલાઈ, ૨૦૨૦, શનિવાર; અષાઢ સુદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વિસ્તારવાદનો યુગ સમાપ્ત થઈ ચૂક્યો છે : મોદી

**ગલવાન ઘાટી અમારી, લદ્દાખ અમારા માન સન્માનનું પ્રતિક : વડાપ્રધાને સેનાના જાંબાજોની ઓચિંતી મુલાકાત લીધી : આપણે બાંસુરીધારી કૃષ્ણની પૂજા કરીએ છીએ, તો સુદર્શનધારી કૃષ્ણને આદર્શ પણ માનીએ છીએ : લેહમાં વડાપ્રધાનના ચીન ઉપર આકરા પ્રહાર : સરહદે તણાવ વચ્ચે એકાએક લેહ પહોંચી વડાપ્રધાને ચીનને સ્પષ્ટ સંદેશ આપ્યો : વડાપ્રધાને જવાનોનો જોશ હાઇ કર્યો, વંદે માતરમના નારા લગાવ્યા : દુશ્મનોએ જોઈ લીધો છે તમારો જોશ અને ગુસ્સો**



લેહ,તા.૧ ભારત અને ચીન વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા(એલએસી) પર ગલવાન ખીણ વિસ્તારમાં ૧૫ જૂનની હિંસક અથડામણના પગલે બે દેશો વચ્ચે ચાલી રહેલી ભારે તણાવભરી ગંભીર સ્થિતિમાં ભારતના બહાદૂર જવાનોના જોમ અને જુસ્સાને વધારવા અને શહિદ થયેલા ૨૦ જવાનોની શહાદતના સંદર્ભમાં તથા ભારત સરકાર આ મુદ્દે સહેજ પણ નરમાશમાં કે હળવાશમાં નથી એવો કડક સંદેશો બૈજિંગ(ચીન)ને આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે અચાનક લેહ-લદ્દાખની મુલાકાત લઈને સૌને આશ્ચર્યચકિત કર્યા હતા. ૧૫ જૂનની અથડામણના ૧૮મા દિવસે મોદીએ ૧૧ હજાર ફૂટની ઉંચાઈએ આવેલા લદ્દાખના ફોરવર્ડ લોકેશન નિમુમાં સૈન્ય, આઈટીબીપી અને એરફોર્સના ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત કરીને સ્થિતિની જાતે જાણકારી મેળવી હતી. આ પ્રસંગે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપીન રાવત, સૈન્યવડા નરવણે વગેરે . પણ આ પ્રસંગે તેમની સાથે હાજર રહ્યાં હતા. સીમાએ સ્થિત જવાનોમાં અનેરો જોમ અને જુસ્સો જગાવવા અને સમગ્ર ભારત તેમની સાથે છે એવો તાર્કિક સંદેશો આપવાની સૈન્ય અને મનોવૈજ્ઞાનિક રણનીતિના ભાગરૂપે પણ મોદીના પગલાની સરાહના થઈ રહી છે. પીએમ જ્યાં પહોંચ્યા છે તે સ્થળ ૧૧,૦૦૦ ફુટની ઉંચાઈ પર .અને ઝંકસાર રેન્જથી ઘેરાયેલું છે, અહીં સિંધુ નદી વહે છે. મોદીની આ મુલાકાતની ચીન પર ધારી અસર થઈ હોય તેમ ચીને ત્યારબાદ એવી પ્રતિક્રિયા આપી હતી કે સમાધાનકારી ઉકેલ માટે વાટાઘાટો ચાલી રહી છે ત્યારે તણાવ વધારતાં પગલા ટાળવા જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લદ્દાખ પ્રવાસ દરમિયાન આજે લેહમાં જવાનોને સંબોધિત કર્યા. આ સંબોધનમાં એક તરફ પીએમ મોદીએ ભારતીય જવાનોનો ઉત્સાહ વધાર્યો, તો બીજી તરફ તેમણે ચીનને જોરદાર સંભળાવ્યું. પીએમ મોદીએ કહ્યું કે ભારતીય જવાનોએ દુનિયાને પોતાની બહાદુરીનો પરચો આપ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર





## નિમ્મૂ બ્લોકમાં મોદીનો જવાનોની સાથે સંવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩જી જુલાઈએ સવારે લદ્દાખના લેહ જિલ્લાના નિમ્મૂ બ્લોક પહોંચ્યા હતા. અહીંયા તેમણે આર્મી, એરફોર્સ અને ITBPના જવાનોની સાથે વાતચીત કરી હતી. સેનાના સિનિયર અધિકારીઓએ તેમને સમગ્ર વિસ્તારની અને સાંપ્રત સ્થિતિની જાણકારી આપી હતી. જે સ્થળ પર વડાપ્રધાને જવાનોના ખબરઅંતર જાણ્યા હતા, તે ૧૧,૦૦૦ ફૂટની ઉંચાઈ પર છે, જે ચોતરફથી જંસ્કાર રેન્જ અને સિંધુ નદીની ખીણથી ઘેરાયેલું છે. અંકૂશ રેખા પર હાલ ભારત અને ચીન વચ્ચે તણાવની સ્થિતિના પગલે વડાપ્રધાનની આ મુલાકાતને ખુબ જ મહત્વની માનવામાં આવી રહી છે. બે દિવસ પૂર્વે રક્ષા મંત્રી રાજનાથ સિંહ લદ્દાખની મુલાકાત લેનાર હોવાનું સરકારના સુત્રોએ જણાવ્યુ હતું. પરંતુ હાલ તેમની મુલાકાત સ્થગિત કરાઈ છે. તેમની મુલાકાતની નવી તારીખની જાહેરાત ટૂંકસમયમાં કરાશે, તેમ રક્ષા મંત્રાલયના સુત્રોએ વધુમાં જણાવ્યુ હતું.

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat

INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP

ADMISSIONS OPEN 2020-21

School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD

School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector

School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology

Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan

School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.

SWARRNIM EASY FEE
0% Interest Education Loan

Scan to Apply Online ▶▶

Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970

100% Placement in Last 3 Years

Children's University
Every Child matters
તેજસ્વી બાલક : તેજસ્વી ભારત

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ પાસે, સેક્ટર-૨૦, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૯, ૨૩૨૪૪૫૭૬, વેબસાઈટ : www.cugujarat.ac.in



## વિદ્યાનિકેતન → (યુનિવર્સિટીની વિશિષ્ટ શૈક્ષણિક કાર્યયોજના)

**વિદ્યાર્થીનું સર્વાંગી શિક્ષણ એટલે એનો** → શારીરિક વિકાસ, માનસિક વિકાસ, બૌદ્ધિક વિકાસ, ભાવાત્મક વિકાસ અને આધ્યાત્મિક વિકાસ



→ શિક્ષણ એટલે કેવળ પાઠ્યપુસ્તક અને પરીક્ષા જ નહીં....
પણ 'જીવનશિક્ષણ' અને 'જીવંત શિક્ષણ'
(Life Education and Live Education)

→ ભણતરની સાથે ગણતર અને ઘડતર પણ જરૂરી

**શિક્ષણ એટલે**
→ મનુષ્યનિર્માણની પ્રક્રિયા
→ મનુષ્યની અંતર્નિહિત પૂર્ણતાનું પ્રગટીકરણ
→ જીવનનો પ્રત્યેક અનુભવ
→ જીવનમૂલ્યો અને કૌશલ્યોનો અવિરત વિકાસ
→ જીવ, જગત અને જગદીશનું જ્ઞાન



❋ આપની શાળાના વિદ્યાર્થીઓનો આ પ્રકારનો વિકાસ કરવા માટે જોડાવ →

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની 'વિદ્યાનિકેતન' કાર્યયોજનામાં સરકારશ્રીનો નિયત અભ્યાસક્રમ અમે નહીં ભણાવીએ. એ તો શાળાના નિયમિત માળખામાં ચાલશે... પણ અમે નીચેની વિશેષ પ્રવૃત્તિઓ કરાવીશું -

(૧) વૈદિક ગણિત (૨) ખગોળ વિજ્ઞાન (૩) પ્રકૃતિ પરિચય (૪) ચિત્રકામ (૫) નાટ્યકલા (૬) બાળગીત, દેશભક્તિ ગીત, અભિનય ગીત (૭) કથક નૃત્ય (૮) અક્ષર સુધારણા (૯) સંસ્કૃત સંભાષણ (૧૦) ગુજરાતી ભાષાશુદ્ધિ (૧૧) પુસ્તક પરિચય (૧૨) Spoken English (૧૩) ભારતીય રમતો... અને આ ઉપરાંત

(૧) બાલોત્સવ (૨) વ્યક્તિત્વ વિકાસ શિબિર અને (૩) તેજસ્વિતા સંવર્ધન શિબિર






→ આ કાર્યયોજનામાં યુનિવર્સિટીના પ્રાધ્યાપકોનું અને અનેક વિષય-નિષ્ણાતોનું સીધું માર્ગદર્શન મળશે.
→ શિક્ષકોને વિશેષ વિષયોનું પ્રશિક્ષણ અપાશે.
→ યુનિવર્સિટીનાં સંશોધનોનો સીધો લાભ કાર્યક્રમો સ્વરૂપે મળશે.
→ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને સ્પોર્ટ્સ યુનિવર્સિટી સાથે મળીને વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ અને ખેલશક્તિ - વિકાસ માટે કાર્યક્રમો યોજશે.
→ વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતાઓ અને રસ-રુચિની મનોવૈજ્ઞાનિક કસોટીઓના આધારે માપન કરી તજ્જ્ઞો દ્વારા તેમને યોગ્ય માર્ગદર્શન અપાશે.
→ યુનિવર્સિટી દ્વારા ચાલતા કેટલાક અભ્યાસક્રમો 'વિદ્યાનિકેતન'ની શાળાઓમાં શરૂ કરવાની માન્યતા અપાશે.
→ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવામાં આવેલાં શૈક્ષણિક અને પરિવારલક્ષી પુસ્તકોનું વેચાણકેન્દ્ર વિદ્યાનિકેતનને અપાશે, જેમાં ૩૦% વળતર પણ સંસ્થાને મળશે.

**પરિણામે**
→ શિક્ષકોની સજ્જતા વધશે.
→ વાલીઓ પણ વિશેષ રીતે પ્રશિક્ષિત થશે.
→ વિદ્યાર્થીઓ ખૂલશે અને ખીલશે.
→ શાળાની પ્રવેશસંખ્યા વધશે.






→ શાળા સંચાલકો અને આચાર્યોને નમ્ર નિવેદન ←
→ આ લાભ ગુમાવવા જેવો નથી.
→ વિકાસની નવી ક્ષિતિજો ખૂલશે.

આજે જ અમારી વેબસાઈટ : www.cugujarat.ac.in જુઓ અને Online Application કરો.
સંપર્ક : ડૉ. મીનળબા જાડેજા - ૭૬૦૦૦૪૩૪૦૦